**સંશોધન નિયામકશ્રીની કચેરી,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ-૩૮૮ ૧૧૦,**
***Phone No: (02692)263700/263600***

**ખુબ જ અગત્યનું**

વંચાણે લીધોઃ ૧ હિસાબ નિયામકશ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન આર-૧/૭૬૫૮-૭૭૦૭, તા.૩૧/૧૨/૨૦૧૪

૨ આ કચેરી પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૨૦૧૪-૧૫/૧૧૧૫૫/૧૪, તા.૧૪/૧૦/૨૦૧૪

૩ આ કચેરી પરિપત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૨૦૧૪-૧૫/૧૩૪૫૩-૫૭/૧૪, તા.૦૨/૧૨/૨૦૧૪

૪ રીવ્યુ બેઠકની કાર્યવાહી નોંધ જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૨૦૧૪-૧૫/૧૩૯૮૭૯૮૭-૮૯/૧૪, તા.૧૭/૧૨/૨૦૧૪

**વિષયઃ સને ૨૦૧૪ -૧૫માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.**

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં ચાલુ તેમજ નવા કાર્યક્રમો હેઠળ હિસાબ નિયામકશ્રી, આણંદના સંદર્ભ-૧ના ઓફીસ ઓર્ડર થી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે બીજી રીવ્યુ બેઠકમાં ફંડની ઉપલબ્ધતા અને જરૂરિયાત મુજબ ગ્રાન્ટ ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે. આયોજીત યોજનાની પ્રથમ/બીજી રીવ્યુ બેઠકમાં તેમજ સંદર્ભ ૨ અને ૩ ના પરિપત્રથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ફાળવેલ ગ્રાન્ટ મુજબ ખર્ચ કરવા જણાવેલ, તેમ છતાં, ડીસેમ્બર -૨૦૧૪ અંતિત આયોજીત યોજનામાં થયેલ ખર્ચને ધ્યાને લેતાં, ૫૧ ટકા ખર્ચ થયેલ છે. જયારે નોન-રીકરીંગ સદરે ફાળવેલ ગ્રાન્ટ સામે ૬.૦૭ ટકા ખર્ચ થયેલ છે આમ, ખર્ચની પ્રગતિ ઘણી નબળી છે.આથી મંજૂર થયેલ નોન-રીકરીંગ સાધનો સત્વરે ખરીદ કરવા આયોજન કરવું જરૂરી છે.

આયોજીત યોજનામાં છેલ્લા ત્રણ મહિના બાકી રહેલ હોઇ, ફાળવેલ ગ્રાન્ટનો પૂરેપૂરો વપરાશ કરવાનું આયોજન હાથ ધરવા વિનંતી છે. ફાળવેલ ગ્રાન્ટ કરતાં ઓછા ખર્ચના લીધે યોજનાની પ્રગતિમાં અસર પડશે તેમજ સરકારશ્રીમાં ગ્રાન્ટ જમા કરવવાની થશે તો તે અંગે સરકારશ્રી તરફથી આ બાબતે જે કોઇ કાર્યવાહી કરવા જણાવવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

વધુમાં જણાવવાનું કે, સંદર્ભ-૪માં દર્શાવેલ કાર્યવાહી નોંધમાં જણાવ્યા અનુસાર આઇસીએઆર ડેવલપ્મેન્ટ ગ્રાન્ટ "સ્ટ્રેન્ધનીંગ એન્ડ ડેવલપમેન્ટ ઓફ હાયર એગ્રીકલ્ચરલ એજયુકેશન ઈન ઈન્ડીયા",હેઠળ ખર્ચની પ્રગતિ ધીમી હોઇ ફાળવેલ ગ્રાન્ટ મુજબ ખર્ચ થાય તેવું આયોજન કરવું. જેથી આઇસીએઆર ડેવલપ્મેન્ટ હેઠળ બીજા હપ્તાની ગ્રાન્ટ મેળવી શકાય.

**જા.નં. આકૃયુ/અયન-૨/૨૦૧૪-૧૫/૧૩૬૪૮-૫૩/૧૫.**
**તારીખઃ૦૬/૦૧/૨૦૧૫**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**નકલ સવિનય રવાનાઃ**

(૧) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ
(૩) આયોજીત યોજનાઓના નિયત્રણ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી.આ.કૃ.યુ., આણંદ તરફ આયોજીત યોજનાઓના બાંધકામોના ખર્ચની પ્રગતિ સત્વરે થાય, તે મુજબ આયોજન હાથ ધરવા વિનંતી છે.
(૫) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ તરફ જાણ સારૂ